# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) ઉર્જામંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં વીજ પૂરવઠાની સમીક્ષા કરી.

2) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ યુવાનોને વર્ષ 2047 સુધીમાં નશામુક્ત અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું.

3) કચ્છમાં લખપતથી ધોળાવીરા સુધીના રાજમાર્ગને 486 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ડબલ લૅનમાં વિકસાવાશે.

4) ભરૂચમાં સાયખા GIDCની કંપનીના પ્લાન્ટમાં વિસ્ફોટ થતાં પાંચ શ્રમિકના મોત - તંત્ર દ્વારા કંપનીને બંધ કરવાની નૉટિસ અપાઈ.

5) જાપાનમાં આયોજિત પેરા એશિયન ગેમ્સમાં રાજ્યનાં ટૅબલટેનિસ ખેલાડી ભાવિના પટેલનો જોર્ડન અને સોનલ પટેલનો જાપાનનાં ખેલાડી સામે વિજય.

-----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GNR RUSHIKESH PATEL MEETING

ઉર્જામંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં વીજ પૂરવઠાની સમીક્ષા કરી. ગાંધીનગરમાં તેમની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરની બેઠકમાં રાજ્યમાં વીજ માગ વધવાના મુખ્ય કારણ, તાત્કાલિક નિવારણ માટે લેવાયેલા પગલા અને આગામી સમયની માગને પહોંચી વળવાના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ઉર્જામંત્રીએ કહ્યું, રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસેથી વધારાની વીજળીની માગ કરી છે, જેને વ્યાપક સમર્થન મળ્યું છે. ઉર્જામંત્રીએ ઉદ્યોગોને સાંજના સમયે વીજળીનો ઉપયોગ ઘટાડવા પણ અપીલ કરી.

(BYTE: RUSHIKESH PATEL, ENERGY MINISTER)

# MRB CERAMIC ELECTRICITY

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ – PGVCL દ્વારા મોરબી સિરામિક ઉદ્યોગોને વીજળીનો ઉપયોગ ઘટાડવા અપીલ કરવામાં આવી. સ્ટેગર્ડ હૉલિડૅ એટલે કે, તબક્કાવાર રજાઓ દરમિયાન સતત ન ચાલતા ઉદ્યોગોને વીજ ઉત્પાદન અને ઉપયોગ વચ્ચેના અંતરને પગલે વીજ કટોકટી ટાળવા સાંજથી સાત કલાક વીજ ઉપયોગ બંધ રાખવા અનુરોધ કરાયો છે. આ અંગે PGVCLના પ્રભારી અધિક્ષક બી. એમ. સોલંકીએ વધુ માહિતી આપી.

(BYTE: B. M. SOLANKI, SUPERINTENDENT IN CHARGE, PGVCL MORBI)

# MANDAVIYA YUVA SAMVAD

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ યુવાનોને વર્ષ 2047 સુધીમાં નશામુક્ત અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું. પોરબંદરના કુતિયાણાની કોલેજમાં 'વિકસિત ભારત યુવા સંવાદ' કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું, વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે નાગરિકોની સામૂહિક કટિબદ્ધતા જરૂરી છે.

શ્રી માંડવિયાએ યુવાનોને સોશિયલ મીડિયાનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરવા આગ્રહ કર્યો. તેમણે યુવાનોને નશાખોરીમુક્ત સમાજની રચનામાં યોગદાન આપવા અને “અમે આ કરીશું” (We Will Do It) ના સંકલ્પ દ્વારા માર્ગદર્શિત થઈને વિકસિત ભારતના લક્ષ્ય તરફ સામૂહિક રીતે કામ કરવા અપીલ કરી હતી.

# CM EKTA PRAKASH PARVA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે નર્મદામાં એકતાનગર ખાતે એકતા પ્રકાશપર્વનો શુભારંભ કરાવશે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151-મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે આગામી 15 જાન્યુઆરી 2027 સુધી પ્રકાશપર્વની ઉજવણી કરાશે. આ દરમિયાન એકતાનગરનો 7.6 કિલોમીટરનો વિસ્તાર વિવિધ થીમ આધારિત લાઈટિંગથી ઝળહળી ઉઠશે.

# KTC BORDER AREA

કચ્છમાં લખપતથી ઐતિહાસિક સ્થળ ધોળાવીરા સુધીના અંદાજે 165 કિલોમીટર લાંબા રાજમાર્ગને ડબલ લૅન એટલે કે, બે પટ્ટામાં વિકસાવાશે. મળતી માહિતી મુજબ, આ માર્ગ વિકાસ યોજના હેઠળ લખપત, ઘડુલી, ઝારા, હાજીપીર, ખાવડા અને ધોળાવીરા જેવા વિસ્તારોને જોડતા માર્ગને અંદાજે 486 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ડબલ લૅન બનાવાશે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ -754 કે-ને આધુનિક બનાવવાની પ્રક્રિયા એટલે કે, અપગ્રેડેશન માટે ટૅન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ. આ પરિયોજના પૂર્ણ કરવાની સમયમર્યાદા બે વર્ષની રાખવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMP ANNOUNCEMENT

હવે પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત સાંભળીએ..

(VOICE CAST: IMP ANNOUNCEMENT)

# REV BRC GIDC BLAST

ભરૂચની સાયખા GIDC વિસ્તારમાં આવેલી કંપનીના પ્લાન્ટમાં વિસ્ફોટ થતાં પાંચ શ્રમિકના મોત મામલે કંપનીને તંત્ર દ્વારા બંધ કરવાની નોટિસ અપાઈ. આ સાથે જ વાગરા પોલીસમથકે આ મામલે અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કર્યો. આ અંગે ભરૂચના નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉક્ટર અનિલ સિસારાએ વધુ માહિતી આપી.

(BYTE: DR. ANIL SISARA, DyCP, BHARUCH)

ઉલ્લેખનીય છે કે, સાયખા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ- GIDC વિસ્તારમાં આવેલી સિન્ઝીલ ફાર્મા કંપનીના પ્લાન્ટમાં ગઈકાલે વિસ્ફોટ થતા પાંચ શ્રમિકે જીવ ગુમાવ્યા છે. જ્યારે પાંચ જેટલા ઈજાગ્રસ્ત શ્રમિકને હૉસ્પિટલ દાખલ કરાયા છે.

# EVE JAPAN PARA ASIAN GAMES

રાજ્યનાં ટેબલટેનિસ ખેલાડી ભાવિના પટેલે પેરા એશિયન ગેમ્સમાં જોર્ડનનાં ખેલાડી એલિમાં ફતેન સામે ત્રણ-શૂન્યથી વિજય મેળવ્યો. જાપાનના નાગોયામાં આયોજિત પેરા એશિયન ગેમ્સમાં તેમણે તેમનાં સ્પર્ધક ખેલાડીને 11-8, 11-7 અને 11-4ના સ્કોરથી હરાવ્યાં.

જ્યારે રાજ્યનાં અન્ય ટેબલટેનિસ ખેલાડી સોનલ પટેલે પણ આ સ્પર્ધામાં 11-6, 11-7 અને 11-3ના સ્કોર સાથે જાપાનનાં ખેલાડી એકયામા યુકાને ત્રણ-શૂન્યથી પરાજય આપ્યો. આ ઉપરાંત પેરા બેડમિન્ટનમાં રાજ્યનાં ખેલાડી માનસી જોષીનો જાપાનનાં ખેલાડી કવાઈ શિનો સામે પરાજય થયો છે.

# NAVRATRI SEVENTH DAY

શારદીય નવરાત્રિના સાતમા દિવસે આજે આદિશક્તિનાં સાતમા સ્વરૂપ માઁ કાલરાત્રિની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. માઁ કાલરાત્રિનું સ્વરૂપ અત્યંત દિવ્ય છે. ચાર ભુજાઓ ધરાવતાં માઁ કાલરાત્રિનાં ડાબા હાથમાં તલવાર અને વરદમુદ્રા છે અને તેમનો જમણો હાથ હંમેશાં અભય મુદ્રા અને વરદ મુદ્રામાં હોય છે. દેવીનું આ સ્વરૂપ અત્યંત રૌદ્ર અને ભયાનક છે, પરંતુ તેઓ હંમેશાં પોતાનાં ભક્તોને શુભ ફળ આપે છે. તેના કારણે તેમને શુભંકરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

# BVR MP DARSHAN

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ ભાવનગરમાં ભંડારિયા બહુચરાજી મંદિરમાં દર્શન કર્યા. બીજી તરફ, નવરાત્રિ દરમિયાન શહેરમાં પૌરાણિક ગરબી અને ભવાઈની પરંપરા જળવાઈ રહી છે. બામણ-કાબો, રાજા ભરથરી અને વીર માંગડાવાળો સહિત પૌરાણિક નાટક ભજવાઈ રહ્યા છે. આ પરંપરાગત પ્રસ્તુતિઓ નિહાળવા નાના બાળકો, યુવાનો, મહિલાઓ અને મોટી વયના લોકો મોટી સંખ્યામાં આવી રહ્યા છે.

# AMD CIVIL HOSPITAL MACHINE

રાજ્ય સરકાર દ્વારા અમદાવાદની સિવિલ હૉસ્પિટલને 77 લાખ રૂપિયાના આધુનિક તબીબી સાધનો ફાળવાયા. આ અંગે હૉસ્પિટલના તબીબી અધિક્ષક ડૉક્ટર રાકેશ જોષીએ કહ્યું, સોનોગ્રાફી મશીનમાંથી બે મશીન રૅડિયોલોજી, એક સ્ત્રીરોગ વિભાગની ઑપીડીમાં અને એક પલ્મોનરી વિભાગમાં કાર્યરત્ કરાશે.

આ વ્યવસ્થાથી જેતે વિભાગમાં જ તપાસ શક્ય બનશે. જ્યારે બે બિલિરૂબિનો-મીટરથી નિદાન પ્રક્રિયા વધુ ઝડપી અને સુલભ બનશે તેમજ વિભાગીય સ્તરે જ સોનોગ્રાફીથી દર્દીઓની દોડધામ અને રાહ જોવાનો સમય ઘટશે.

# EDUCATION DEPARTMENT DATA ENTRY

ગાંધીનગરમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરની બેઠક યોજાઈ. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના અન્ય કામનું ભારણ ઘટાડવા તથા તેઓ વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય માટે વધુને વધુ સમય ફાળવી શકે તે સુનિશ્ચિત કરવા આ બેઠક યોજાઈ.